# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ PM કિસાન યોજનાનો 20-મો હપ્તો જાહેર કરતાં રાજ્યના 52 લાખથી વધુ ખેડૂતોને સહાય મળી
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાત માટે વિકસિત ખેતીના નિર્માણ માટે ખેડૂતોને આહ્વાન કર્યું
3. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં શાંતિ-સલામતીની જાળવણી અને સૌની સુરક્ષા કરવામાં પોલીસનું યોગદાન અમૂલ્ય ગણાવ્યું
4. રાજ્યમાં "108 ઍમરજન્સી" ઍમ્બુલન્સે અત્યાર સુધીમાં એક કરોડ 79 લાખથી વધુ કટોકટી કૉલ થકી લોકોને સેવા પૂરી પાડી
5. મહેસાણાના 2 ખેલાડીએ છત્તીસગઢમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ચંદ્રક જીત્યા

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM - KISAN SANMAN NIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશથી PM કિસાન સન્માન નિધિ યોજનાનો 20-મો હપ્તો જાહેર કર્યો, જેમાં રાજ્યના 52 લાખ 16 હજારથી વધુ ખેડૂત પરિવારને એક હજાર 118 કરોડ રૂપિયાથી વધુની સહાય સીધી જ તેમના ખાતામાં જમા કરાવવામાં આવી. રાજ્યના ખેડૂતોને વર્ચ્યૂઅલ સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, આ યોજના ખેડૂતોના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાનું એક ઉદાહરણ છે.

**(BYTE: PM NARENDRA MODI)**

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, આ યોજનાની ન્યાયી અને પારદર્શક પદ્ધતિના કારણે ખેડૂતોનો સરકાર પ્રત્યે વિશ્વાસ વધુ દ્રઢ બન્યો છે. તેમણે વિકસિત ગુજરાત માટે વિકસિત ખેતીના નિર્માણ માટે ખેડૂતોને આહ્વાન કર્યું.

**(BYTE: CM BHUPENDRA PATEL)**

. . . . . . . . . . .

# PM-KISAN-DISTRICT

પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ અંતર્ગત વિવિધ જિલ્લાઓના લાભાર્થી ખેડૂતોના ખાતામાં DBT માધ્યમથી 2 હજાર રૂપિયાનો હપ્તો જમા કરાવાયો.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષતામાં નવસારીમાં યોજાયેલા કાર્યક્રમમાં એક લાખ 39 હજારથી વધુ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી.

સુરતના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સાંસદ મુકેશ દલાલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં એક લાખ 23 હજાર ખેડૂતોના ખાતામાં સહાય જમા થઈ.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં પી.એમ.કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ ગણપત યુનિવર્સિટી ખેરવા ખાતે યોજાયો. જિલ્લાના 2લાખ 55 હજાર 989 ખેડૂતોને સહાય ચૂકવાઈ. પાટણમાં પણ એક લાખ 87 હજાર 785 ખેડૂતોને પીએમ કિસાન યોજનાની સહાય ચૂકવાઈ.

સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, બનાસકાંઠામાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત, બોટાદ માર્કેટિંગ યાર્ડ ખાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા, અરવલ્લીમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર અને, મોરબીમાં જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયા.

. . . . . . . . . . .

# GANDHINAGAR POLICE SAMAROH

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં શાંતિ અને સલામતીની જાળવણી તથા સૌની સુરક્ષા કરવામાં પોલીસ દળનું યોગદાન અમૂલ્ય છે. ગાંધીનગરના કરાઈ ગુજરાત પોલીસ અકાદમી ખાતે આજે પોલીસ ચંદ્રક અલંકરણ સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ આ વાત કહી.

**(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER)**

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ દળમાં કર્તવ્ય નિષ્ઠાથી ઉત્કૃષ્ટ ફરજ બજાવવા બદલ રાષ્ટ્રપતિશ્રીના ચંદ્રક મેળવનારા પોલીસના 118 અધિકારી અને કર્મચારીઓને આ ચંદ્રક એનાયત કર્યા. સમાજ પ્રત્યેની સેવા ભાવનાની કદરરૂપે મળતા ચંદ્રક અને સન્માન એ સમગ્ર પોલીસ દળનું ગૌરવ બને છે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું.

આ પ્રસંગે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે કહ્યું, આ ચંદ્રક પોલીસ કર્મચારીઓના આત્મવિશ્વાસમાં વધુ સારી કામગીરી કરવા ઉમેરો કરશે તેવો વિશ્વાસ છે.

. . . . . . . . . . .

# 108 EMRI CALL

રાજ્યમાં “108 એમરજન્સી” સેવાને વર્ષ 2025 સુધીમાં વિક્રમજનક એક કરોડ 79 લાખથી વધુ કટોકટી કૉલ મળ્યા છે. તેના થકી દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવા પૂરી પાડવામાં આવી છે.

**(V/C- અજય ઇન્દ્રેકર )**

*(રાજ્યમાં વર્ષ 2007માં શરૂ કરાયેલી 108 ઇમરજન્સી સેવા અન્ય રાજ્ય માટે પથદર્શક અને આદર્શ સેવા પૂરવાર થઈ છે. 108 દ્વારા 58*

*લાખ 38 હજારથી વધુ પ્રસૂતિ સંબંધિત કટોકટી સેવા અને 21 લાખ 77 હજારથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં કટોકટી સેવાઓ અપાઈ છે. જ્યારે જીવન–મરણનો સવાલ હોય તેવી સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ 17 લાખથી વધુ લોકોના જીવ બચાવાયા છે. ઉપરાંત એક લાખ 52 હજારથી વધુ મહિલાઓની એમ્બુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.)*

*સમાચાર વિભાગથી અજય ઇન્દ્રેકર, આકાશવાણી, અમદાવાદ.*

. . . . . . . . . . .

# DADRA AND NAGARHAVELI MIUKTI DIVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીનો આજે 72-મો મુક્તિ દિવસ છે. કલેક્ટર કચેરી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી આ દિવસની ઉજવણી કરવામાં આવી.

(VOICECAST – PRADEEP BHAVSAR)

. . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યના તમામ જિલ્લામાં આગામી સાત દિવસ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન આવતીકાલે ઉત્તર, દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળ પર હળવા વરસાદની સંભાવના છે. બીજી તરફ, માછીમારોને આગામી છ ઑગસ્ટ

સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AMDAVAD)

દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે. આજે સાંજે 4 વાગ્યા સુધીમાં 37 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 63 ટકાએ પહોંચ્યો છે.

. . . . . . . . . . .

# MEHSANA MEDAL

મહેસાણાના બે ખેલાડીએ રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ચંદ્રક જીતી રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

છત્તીસગઢના બિલાસપુર ખાતે રેસલિંગ ફેટરેશન ઑફ ઇન્ડિયા અને ગ્રેપ્લિંગ કમિટી ઑફ ઇન્ડિયા દ્વારા પાંચમી સબ જૂનિયર કેડેટ રેસલીંગ નૅશનલ ચેમ્પિયનશીપ યોજાઈ, જેમાં સમગ્ર દેશમાંથી 13 વર્ષથી ઓછી વયના ખેલાડીઓએ ભાગ લીધો. તેમાં મહેસાણાની બજરંગ વ્યાયામ શાળાના યુગ પ્રજાપતિએ 38 કિલો વર્ગમાં રજત અને દિવ્ય ઓઝાએ 42 કિલો વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

. . . . . . . . . . .

# RERA AUTHORITY PAHEL

રિયલ એસ્ટેટ નિયમન સત્તામંડળ- રેરા-એ પ્રમોટર્સ એટલે કે, પ્રવર્તકના ત્રિમાસિક અહેવાલના આધારે ફાળવણીકારોને SMS મારફતે પ્રૉજેક્ટની પ્રગતિ અંગે માહિતી આપવા નવી પહેલ કરી છે. પહેલના ભાગરૂપે અંદાજે ત્રણ લાખ જેટલા ફાળવણીકાર મૉબાઈલ પર JM-GRERA-G મળેલા SMSની વૅબસાઈટ લિન્ક મારફતે તેમના નોંધાયેલા પ્રૉજેક્ટ અંગેની તાજેતરની વિગત સરળતાથી મેળવી શકશે.

SMS મારફતે આ માહિતી પ્રાપ્ત કરવા હવે પછી દર વર્ષે જાન્યુઆરી, ઍપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર મહિનામાં વૅબસાઈટ લિન્ક મોકલવામાં આવશે. તેના દ્વારા ફાળવણીકારો પોતાના પ્રૉજેક્ટ અંગેની પ્રાથમિક વિગત જાણી શકશે.

. . . . . . . . . . .

# BANASKANTHA GHEE

બનાસકાંઠાના ડીસામાંથી આજે એક લાખ 67 હજાર રૂપિયાથી વધુનો 270 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો. ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ડીસાની પેઢી પર દરોડા પાડ્યા.

દરમિયાન પેઢી દ્વારા ઘી બનાવવા ઉપયોગમાં લેવાતી સામગ્રી રજૂ ન કરાતા શંકાસ્પદ ઘી જપ્ત કરાયું. ત્યારબાદ ઘીના નમૂના સરકારી ખાદ્ય પ્રયોગશાળામાં મોકલાયા છે. અગાઉ પણ આ પેઢીના માલિક

ભેળસેળવાળું ઘી વેચાણ મામલે પકડાઈ ચૂક્યા છે તેમ અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે.

. . . . . . . . . . .